દિલ્હીથી મુંબઈ વચ્ચે એસી ટ્રેનો દોડાવાશે

નવી દિલ્હી,તા. ૨૧

રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવેદ્વારા પ્રથમ વખત વિમાની યાત્રાના ભાડાની જેમ જ નવા પ્રયોગ કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. આ નવા પ્રયોગ હેઠળ દિલ્હીથી મુંબઈ વચ્ચે ૨૪મી ડિસેમ્બરથી ખાસ એસી ટ્રેનો દોડાવવામાં આવશે. આ ટ્રેન માટેના ભાડા ક્રિસમસ અને ન્યૂયર જેવા તહેવારની સિઝનમાં યાત્રીઓની માંગના આધાર ઉપર વધારે રહેશે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપી છે કે નવી દિલ્હી-મુંબઈ રૂટ ઉપર ૨૪મી ડિસેમ્બર ૨૦૧૩થી ૨જી જાન્યુઆરી ૨૦૧૪ સુધી પ્રાયોગિક આધાર ઉપર પ્રીમિયમ એસી ટ્રેનો શરૂ કરવામાં આવશે. વધારાના નાણાં ઊભા કરવાના હેતુસર રેલવેદ્વારા આ તૈયારી કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું છે કે ડાયનેમીક પ્રાઈઝ પોલીસી મુજબ ટિકિટોને વર્તમાનદરથી વધુદરે વેચવામાં આવશે. પ્રીમિયમ એસી સ્પેશિયલ ટ્રેનોમાં માત્ર એસી-૨ અને એસી-૩ કેટેગરી રહેશે. જેમાં કેટરીંગ સહિત રાજધાની જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ડાયનેમીક યાત્રી ભાડા વિમાની સેવાઓમાં રાખવામાં આવે છે. રેલવેમાં પ્રથમ વખત વિમાની યાત્રાની જેમ જ ભાડા રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ટ્રેન માટે એડવાન્સ રિઝર્વેશનની અવધી માત્ર ૧૫ દિવસ પહેલાની જ રહેશે અને ભાડા રાજધાનીના તત્કાલના ભાડા જેટલા અથવા તો તેનાથી વધારે રહેશે. રેલવે અધિકારીના જણાવ્યા મુજબ માંગના આધાર ઉપર ભાડા વધી પણ શકે છે. તેમણે કહ્યું હતું કે અમે પ્રયોગના આધાર ઉપર ૨૪, ૨૭, ૩૦ ડિસેમ્બર, ૨ જાન્યુઆરીના દિવસે દિલ્હીથી ચાર રાઉન્ડ કરવામાં આવશે. જ્યારે વાપસીમાં ૨૬, ૨૯ ડિસેમ્બર તથા ૧લી અને ૩જી જાન્યુઆરીનો સમાવેશ થાય છે. આ ટ્રેન માટે રસ્તામાં કોઈપણ સ્ટોપેજ રહેશે નહીં. ટ્રેન નવી દિલ્હીથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડાવવામાં આવશે. એસી સ્પેશિયલ ટ્રેનોની બુકીંગ માત્ર આઈઆરસીટીસીના પોર્ટર મારફતે જ થઈ શકશે. રિઝર્વેશન ઉપર કાઉન્ટરથી ટિકીટ લઈ શકાશે નહીં. દરેક દિવસે ભાડા આઈઆરસીટીસીની વેબસાઈટ ઉપર બુકીંગના વખતે જ દર્શાવવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા મુજબ ટ્રેનની શરૂઆત વધારે માંગ હોવાની સ્થિતિમાં યાત્રીઓના ધસારાને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે. રસ્તામાં કોઈપણ સ્ટેશન રહેશે નહીં.

દેવયાનીને પણ ગેરકાયદે ફલેટની ફાળવણી કરાઈ

મુંબઈ,તા.૨૧

મહારાષ્ટ્ર સરકારે આદર્શ કૌભાંડ ઉપર ન્યાયીક તપાસ પેનલના અહેવાલને ફગાવી દેતાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે. આ અહેવાલમાં ત્રણ ભૂતપૂર્વ મુખ્યમંત્રી સહિત અનેક નેતાઓને જોગવાઈઓના ભંગ કરવાના મામલે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આદર્શ કૌભાંડમાં હાલમાં જ ચર્ચામાં રહેલી દેવયાનીને પણ ગેરકાયદે રીતે ફલેટની ફાળવણી કરવામાં આવી હતી. હાઈકોર્ટના નિવૃત્ત જજ જે એ પાટીલના નેતૃત્વવાળા બે સભ્યોના પંચે રિપોર્ટમાં આની સાથે સંકળાયેલા લોકો ઉપર પ્રહાર કરતા કૌભાંડને સંપૂર્ણપણે અયોગ્ય ઠેરવીને ઝાટકણી કાઢી હતી. કુલ ૨૫ લોકોને અયોગ્ય રીતે ફાળવણી કરવામાં આવી હતી જેમાં દેવયાની પણ સામેલ હોવાની બાબત સપાટી ઉપર આવી હતી.

આમા જોડાયેલા લોકોએ લાલચ, ભાઈ-ભત્રીજાવાડ અને પક્ષપાતની નીતિ અપનાવી હતી. પેનલે સોસાયટીના ૧૦૨ સભ્યો પૈકી ૨૫ને અયોગ્ય ઠેરવ્યા હતા. ફલેટની બિનહિસાબી ખરીદીના ૨૨ મામલા સપાટી ઉપર આવ્યા હતા. આમા અમેરિકાની સાથે ઊભા થયેલા રાજકીય વિવાદના કેન્દ્રમાં રહેલી દેવયાની પણ સામેલ છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આદર્શ સોસાયટીમાં પૂર્વ મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખ, સુશીલકુમાર શિંદે, અશોક ચૌહાણ, પૂર્વ મહેસૂલી પ્રધાન શિવાજીરાવ પાટિલનો સમાવેશ થાય છે. આદર્શ હાઉસીંગ સોસાયટીના લાભાર્થીઓમાં જુદા જુદા રાજકીય પક્ષોના નેતાઓનો સમાવેશ થાય છે.

દેવયાનીનું નામ પણ આમા સપાટી ઉપર આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત અને અમેરિકા દેવયાની મુદ્દે હાલ આમને સામને છે. અમેરિકામાં વિઝા છેતરપિંડી મામલે દેવયાનીની ધરપકડ અને ત્યારબાદ તેની સાથે કરાયેલા ખરાબ વર્તનને લઈને ભારત-અમેરિકા વચ્ચે હાલ ખેંચતાણની સ્થિતિ સર્જાયેલી છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ આજે પ્રધાનોને ખાતાઓની ફાળવણી કરી

જયપુર,તા. ૨૧

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ તમામ પ્રધાનોને

ખાતાઓની ફાળવણી કરી દીધી છે. ૪૬ મંત્રાલયો પોતાની પાસે રાખ્યા છે. ખાતાઓની ફાળવણીને લઈને છેલ્લા ઘણા દિવસથી અટકળોનો દોર ચાલી રહ્યો હતો. ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, આરોગ્ય, ખાણ જેવા ખાતાઓ અન્ય કેબિનેટ પ્રધાનોને આપ્યા છે. મળેલી માહિતી મુજબ વસુંધરા રાજેએ ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રાલયનું ખાતુ ગુલાબચંદ કટારિયાને અને આરોગ્ય મંત્રાલય રાજેન્દ્ર રાઠોડને આપ્યુ છે. કૈલાસ મેઘવાલને ખાણ મંત્રાલયનું ખાતુ સોંપાયુ છે. કાલીચરણ શરાફને શિક્ષણ પ્રધાન બનાવવામાં આવ્યા છે. સાવરવલ જાટને જળ સંસાધન પ્રધાન બનાવવામાં આવ્યા છે. વસુંધરા રાજેએ અતિ મહત્વના ખાતા પોતાની પાસે રાખ્યા છે જેમાં નાણાં અને ગૃહનો સમાવેશ થાય છે. ગઈકાલે નવ ધારાસભ્યોને કેબિનેટ પ્રધાન તરીકેના અને અન્ય ત્રણને સ્વતંત્ર હવાલા સાથેના રાજ્યપ્રધાન બનાવવામાં આવ્યા હતા. નવ કેબિનેટ પ્રધાનો પૈકીના બે; કટારીયા અને રાઠોડ સામે ફોજદારી કેસો થયા છે. કટારિયા અગાઉ પણ ગૃહપ્રધાન રહી ચુકયા છે. રાજેની અગાઉની અવધિમાં કટારિયા ગૃહ પ્રધાન હતા. તેમના પર સોહરાબુદ્દીન શેખના આક્ષેપો થઈ ચુકયા છે. ગુજરાતમાં સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં કટારિયા આરોપી છે. આ કેસમાં સીબીઆઈએ આ વર્ષની શરૂઆતમાં કટારિયા સામે પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી. મુંબઈ કોર્ટે તેમને વચગાળાના જામીન આપ્યા હતા. બીજી બાજુ રાઠોડની દારાસિંહ બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમને જેલ ભેગા કરવામાં આવ્યા હતા.

કોને કયુ ખાતુ અપાયુ....

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ આજે પ્રધાનોને ખાતાઓની ફાળવણી કરી હતી. રાજેએ પોતાના પાસે મોટા ભાગના ખાતાઓ રાખ્યા છે. કોને કયુ ખાતુ અપાયુ છે તે નીચે મુજબ છે.

નામ	ખાતુ
ગુલાબચંદ કટારિયા	ગ્રામિણ વિકાસ, પંચાયતી રાજ
રાજેન્દ્રસિંહ રાઠોડ	આરોગ્ય મંત્રાલય
કૈલાસ મેઘવાલ	ખાણમંત્રાલય
કાલીચરણ શરાફ	શિક્ષણમંત્રાલય
સાવરમલ જાટ	જળ સંસાધન

નોંધ : વસુંધરા રાજેએ પોતાની પાસે નાણાં અને ગૃહ સહિત ૪૬ ખાતા રાખ્યા.

૩૦ દિવસ સંજયદત્ત પોતાના ઘરે રહેશે

અભિનેતા સંજયદત્ત પૂણેની યરવાડા જેલથી મુક્ત થયો

મુંબઈ,તા. ૨૧

એક મહિના સુધી પેરોલ પર રહ્યાના બે સપ્તા બાદ બોલિવુડ સ્ટાર સંજય દત્તને પૂણેની યેરવાડા જેલમાંથી આજે ફરી મુક્ત કરવામાં આવ્યો હતો. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પ્રિજમ મિરાન બોરવાંકરે કહ્યુ હતુ કે સંજય દત્તને યેરવાડા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. હવે તે ૩૦ દિવસ સુધી ઘરમાં રહેશે. વર્ષ ૧૯૯૩માં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગ કરવાના હેતુસર લાવવામાં આવેલા હથિયારો પૈકીના હથિયાર તેની

પાસે મળી આવ્યા બાદ સંજય દત્તને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. સંજયદત્તની છઠ્ઠી ડિસેમ્બરના દિવસે પેરોલ મંજુર કરવામાં આવ્યા હતા. ૫૩ વર્ષીય અભિનેતાએ તેની પત્નિ માન્યતાની તબિયત સારી નહીં હોવાની રજુઆત કરીને પેરોલ માટે અપીલ કરી હતી. પૂણેમાં ડિવિઝનલ કમિશનર પ્રભાકર દેશમુખને આ વિનંતી મોકલવામાં આવી હતી જેના આધાર પર સત્તાવાળાઓએ તેના પેરોલ મંજુર કર્યા હતા જો કે માન્યતાના મિડિયામાં ફોટોગ્રાફ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ સંજયદત્તના દાવાને લઈને પ્રશ્નો ઉભા થયા હતા. આ ફોટોમાં માન્યતા ફિલ્મ અને અન્ય સેલિબ્રિટીની પાર્ટીમાં ઉજવણી કરતી નજરે પડી હતી જેથી માન્યતા બિમાર હોવાના સંજયદત્તના દાવાને લઈને પ્રશ્નો સપાટી પર આવ્યા હતા. એક મહિનાના ગાળામાં જ બીજી વખત સંજય દત્તને પેરોલ મંજુર કરવાને લઈને મોટો વિવાદ છેડાઈ ગયો છે જેના પરિણામ સ્વરૂપે મહારાષ્ટ્ર સરકારને તપાસનો આદેશ કરવાની ફરજ પડી હતી. ગૃહ પ્રધાન આરઆર પાટિલે ફિલ્મ સ્ટારને મંજુર કરાયેલા પેરોલના આધાર શું છે તેમાં તપાસ કરવા સૂચના આપી હતી. યરવાડા જેલના સત્તાવાળાઓના વર્તનમાં પણ તપાસનો હુકમ થયો હતો.

ઝહિરને ૩૦૦ વિકેટ પૂર્ણ કરવા એક વિકેટની જરૂર

જોહાનિસબર્ગ,તા.૨૧

ઝડપી બોલર ઝહિર ખાન વધુ એક સિદ્ધિ મેળવવાની નજીક પહોંચી ગયો છે. આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર વાપસી કર્યા બાદ ઝહિર ખાનને હવે ૩૦૦ વિકેટ પૂરી કરવામાં માત્ર એક જ વિકેટની જરૂર છે. ઝહિર ખાને હવે ૨૯૯ વિકેટો ટેસ્ટ ક્રિકેટમાં ઝડપી છે. એક વિકેટ વધુ ઝડપવાની સાથે જ ઝહિર ખાન મહાન ખેલાડી કપીલ દેવ બાદ ટેસ્ટ ક્રિકેટમાં ભારત તરફથી ૩૦૦ વિકેટની સિદ્ધિ મેળવનાર બીજો ઝડપી બોલર બની જશે. ઝહિર ખાન આ ટેસ્ટ મેચમાં જ સિદ્ધિ હાંસલ કરી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. વારંવારની ઈજા, ખરાબ ફોર્મ અને ફિટનેશના મામલામાં ઝહિર ખાનને વારંવાર ટીમની બહાર રહેવાની ફરજ પડી છે. ઝહિરે ટીમમાં વાપસી કરીને સાબિતી આપી છે કે તે હજુ પણ ખૂબ મહેનત કરી રહ્યો છે. તેના પ્રયાસોની પ્રશંસા કરતા આફ્રિકા પૂર્વ ઝડપી

બોલર શોન પોલોકે કહ્યુંછે કે કમબેક કરવાની બાબત ઝડપી બોલર માટે હમેશા ખૂબ મુશ્કેલ ભરેલી હોય છે. બીજી બાજુ આફ્રિકાના પૂર્વ ઝડપી બોલર મખાયા નતીનીએ પણ ઝહિરની પ્રશંસા કરી છે અને કહ્યુંછે કે તે હમેશા કહેતો આવ્યો છે કે ઝહિર શ્રેષ્ઠ ભારતીય ઝડપી બોલર છે. માત્ર આજે જ નહીં ગઈકાલે પણ ઝહિરના બોલિંગ શાનદાર રીતે રિવર્સ સ્પીંગ થઈ રહ્યા હતા. સ્મિથને આઉટ કરવાની બાબત ખૂબ મોટી સિદ્ધિ સમાન છે. વર્ષ ૧૯૯૯માં કેન્યામાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઝહિર આવ્યો ત્યારે તેને લઈને ઘણી ચર્ચાઓ રહી હતી. ઝહિર ૩૦૦ વિકેટની સિદ્ધિ ઉપર પહોંચ્યા બાદ વધુ સમય સુધી રમવાની ઈચ્છા ધરાવે છે. અન્ય ઝડપી બોલરોએ પણ ઝહિર ખાનની પ્રશંસા કરી છે. પૂર્વ ઝડપી બોલર કેની ડિવિલયર્સ પણ માને છે કે ઝહિર ભારતને વધુ સફળતા અપાવી શકે છે. ભારત માટે આ ટેસ્ટ મેચમાં તે ચાવીરૂપ ભૂમિકા અદા કરવા સજ્જ છે.

કોલકાતા : કોર્ટ સંકુલમાં ગેસ લીક થતા ભાગદોડ

કોલકાતા,તા. ૨૧

કોલકાતામાં આજે રહસ્યમય ગેસ કોર્ટ સંકુલમાં લીક થઈ જતા ભારે ભાગદોડ મચી ગઈ હતી. સિલદાહ કોર્ટ સંકુલમાં રહસ્યમય ગેસ લીક થઈ જવાનો બનાવ બન્યો હતો જેમાં મેજિસ્ટ્રેટ સહિત ઓછામાં ઓછા ત્રણ લોકોને આની અસર થઈ હતી. અસરગ્રસ્તોને તરતજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મેજિસ્ટ્રેટ દિપાલી શ્રીવાસ્તવ સહિત ત્રણ લોકોને તરત જ એનઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘણા બધા લોકોને હળવી અસર થઈ હતી.

આજે કોર્ટની કામગીરી શરૂ થવાની સાથે જ ૧૧ વાગ્ય રહસ્યમય ગેસ લીક થયાનો અનુભવ લોકોને થયો હતો. સિલદાહ સિવિલ એન્ડ ક્રિમિનલ કોર્ટના પ્રાંગણમાં આ બનાવ બન્યો હતો. સમગ્રઈ ભારતને ખાલી કરાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી.

નિવૃત્ત કર્મચારીઓને વાર્ષિક ૧.૧૬ લાખ કરોડ

૧૪ કરોડ વૃદ્ધને બે હજાર મહિને પેન્શનની માંગણી

નવી દિલ્હી,તા. ૨૧

ભારતમાં વયોવૃદ્ધ લોકોને પેન્શન આપવાની માંગણી વર્ષોથી થતી રહી છે. હવે ફરી એકવાર આ મુદ્દો સપાટી ઉપર આવ્યો છે. પેન્શન પરિષદે ૫૫ અથવા તો તેનાથી ઉપરની વયના તમામ વૃદ્ધ લોકોને મહિને ૨૦૦૦ રૂપિયા પેન્શન આપવાની માંગણી કરી છે. આનાથી ૨.૩૧ લાખ કરોડનો ખર્ચ થશે. જો ૫૭ વર્ષથી ઉપરના વૃદ્ધ પુરુષોને ૫૦૦ રૂપિયા માસિક અને ૫૫ વર્ષથી ઉપરની વયની મહિલાઓને મહિને ૫૦૦ રૂપિયા આપવામાં આવે તો આ ખર્ચનો આંકડો ૨૭૬૬૮ કરોડ ઉપર જશે.

પેન્શન પરિષદમાં ઘટકો પૈકીના એક મજદૂર કિશાન સંઘર્ષ સમીતિના શંકરસિંહે કહ્યું છે કે જો સરકાર તેના નિવૃત્ત થયેલા કર્મચારીઓને ૧.૧૬ લાખ કરોડ વાર્ષિક ચૂકવણી કરી શકે છે તો ૫૫ વર્ષથી ઉપરની વયના ૧૪ કરોડ લોકોને ૨.૩ લાખ કરોડ રૂપિયા ચૂકવવા જોઈએ. પુખ્તવયના લોકો આગામી વર્ષે જાન્યુઆરીમાં દિલ્હીમાં એકત્રિત થશે અને સમાજના અન્ય વર્ગના લોકોને પણ ભેગા કરશે. નવી સરકાર ઉપર દબાણ લાવવાના પ્રયાસો કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે સરેરાશ માસિક ખર્ચ (૬૦ વર્ષથી ઉપરની) વયના લોકોમાં માત્ર ૧૨૪ રૂપિયા છે. પેન્શન પરિષદ દ્વારા વયોવૃદ્ધ લોકોને પેન્શન આપવા માટે હવે લડાઈ હાથ ધરી છે. આમા ૧૫૦ સંસ્થા જોડાયેલી છે. આ પરિષદે છેલ્લી છ સતત સંસદ સત્રની બેઠક દરમિયાન ધરણા યોજ્યા છે. આમા મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા છે.

સમાચાર ઝલક

- ♥ નળસરોવરમાં હજારો ફ્લેમિંગો વિદેશી પક્ષીઓ ઉમેટ્યા, સહેલાણીઓ માટે આનંદોત્સવ.
- ♥ લંડનમાં થિયેટરમાં છત તૂટતાં સેંકડો પ્રેક્ષકો ઘાયલ બન્યા.
- ♥ કઝાકિસ્તાનમાં બરફના થર જામી ગયા.
- ♥ કડી સર્વ વિદ્યાલય કડીમાં છગનભા રમતોત્સવમાં ૨૭૦ ખેલાડીઓએ ભાગ લીધો.
- ♥ નવરાત્રીમાં અવાજ પ્રદૂષણનો કડકાઇથી અમલ કરવા હોઇકોર્ટનો આદેશ.
- ♥ દમણ અપહરણ મામલામાં બિહારના રાજકીય નેતાની સંડોવાણીની આશંકા.
- ♥ ઉત્તર ભારતમાં ઠંડી કહેર યથાવત્ અને જગ્યા જનજીવન ખોરવાયું.
- ♥ જનહિતાર્થે વલસાડ જિલ્લામાં તબીબો હડતાળ પર.
- ♥ જામનગરમાં ૮ લાખની ચોરી.
- ♥ મુંબઇમાં આજે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની રેલીમાં ચાર હજાર રેકડીવાળા ભાગ લેશે.
- ♥ સંજય દત્તનો પેરોલ પર છૂટકારો.
- ♥ ન્યૂયોર્કમાં નોકરાણીના ઓછા વેતનથી દેખાવો યોજાયા.
- ♥ ડાકોરમાં ભક્ત દ્વારા આઠ કીલો ચાંદીની ભેટ ધરાઇ.
- ♥ બહુચરાજીમાં આનંદના ગરબાની એકત્રીસ કલાકની મહાધુન.
- ♥ મહેસાણા જિલ્લામાં તાલુકા પંચાયતમાં મોડા પડનાર કર્મચારીઓ ઝડપાયા, અધિકારીઓ દ્વારા ઓચિંતી ચકાસણી.
- ♥ વડોદરા ક્રિકેટ એસોસીયેશનની ચૂંટણીની મતગણતરી ચાર દિવસથી ધીમી ગતિએ ચાલે છે.
- ♥ બીજી ફેબ્રુઆરીએ અમદાવાદમાં સાયકલ દોડ યોજાશે.
- ♥ પઠાણી વ્યાજખોરો સામે પોલીસની લાંલ આંખ.
- ♥ ન્યાયધીશ ગાંગુલીને દુષ્કર્મને કારણે હોદ્દા પરથી હટાવવા એટની જનરલની સલાહ.
- ♥ લાલુપ્રસાદ યાદવની નાદુરસ્ત તબિયત, દિલ્હી એમ્સ હોસ્પિટલમાં સારવાર હેઠળ.

ભ્રષ્ટાચાર સૌથી મોટો મુદ્દો હોવાની રાહુલની કબૂલાત

નવી દિલ્હી,તા. ૨૧

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર સૌથી મોટો મુદ્દો છે. ભ્રષ્ટાચારને કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. રાહુલે કહ્યુ હતુ કે યુપીએ સરકારે ભ્રષ્ટાચાર સામે લડવા માટે લોકપાલ બિલ પસાર કરી દીધુ છે. ફિક્કીના એક કાર્યક્રમમાં બોલતા ગાંધીએ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર સૌથી મોટો મુદ્દો છે. આને કોઈ પણ રીતે ચલાવી લેવાય નહીં. યુપીએ

સરકાર ભ્રષ્ટાચારના મામલે વ્યાપક ટિકા ટિપ્પણીનો સામનો કરી રહી છે પરંતુ આ વાસ્તવિકતા છે કે ભ્રષ્ટાચારને રોકવા માટે અન્ય કોઈ પણ સરકાર કરતા આ જ સરકારે વધુ કામ કર્યુ છે. ગાંધીએ એમ પણ કહ્યુ હતુ કે દેશમાં રેગ્યુલેટરી વ્યવસ્થામાં વ્યાપક સુધારા જરૂરી બની ગયા છે. રાહુલે એમ પણ કહ્યુ હતુ કે આરટીઆઈ કાયદા અને સંસદમાં લોકપાલ બિલ પસાર કરીને યુપીએ સરકારે તેની કટિબદ્ધતા સાબિત કરી છે. રાહુલે પોતાના સંબોધનમાં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીને હાલમાં મળેલી કારમી હારનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યુ હતુકે કોંગ્રેસ આ ચૂંટણીમાં છગ્ગા ફટકારી શકી નથી પરંતુ તે લોકોના સંદેશાને સમજી ચુકી છે. પાર્ટી આને વિનમ્રતા સાથે સ્વીકારે છે. રાહુલે આશા વ્યક્ત કરી હતી કે આ મોટો ફટકો પડ્યા બાદ પાર્ટી મજબુતી સાથે ઉભરીને બહાર આવશે. મિડિયા પર ટકોર કરતા રાહુલે કહ્યુ હતુકે સરકારની સારી બાબતો હાલના સમયમાં અખબારોમાં પ્રકાશિત થતી નથી. રાહુલે પોતાના ભાષણમાં યુપીએ સરકારની ઉપલબ્ધીઓનો ઉલ્લેખ કર્યો હતો. આ સપ્તાહમાં ઘણા મોટા નિર્ણય થયા છે. ભ્રષ્ટાચારની સામે દેશમાં એક નવા ફ્રેમવર્કની જરૂર છે. ભ્રષ્ટાચાર સામે લડવા માટે સંસદમાં કેટલાક ક્રાંતિકારી બિલ પેન્ડિગ છે. આરટીઆઈના પરિણામે ઘણા લોકો જેલ ભેગા થયા છે.

પેપ્સીકો આંધ્રમાં ૧૨૦૦ કરોડનું જંગી રોકાણ કરશે : પાર્ટનરો ૩૩૦૦૦ કરોડ રોકશે

હૈદરાબાદ,તા. ૨૧

મહાકાય કંપની પેપ્સીકો ઈન્ડિયાએ કહ્યુ છે કે તે આંધ્રપ્રદેશમાં નવા બેવરેજ મેન્યુફેક્ચરીંગ ફેસિલીટીના નિર્માણ પર ૧૨૦૦ કરોડથી વધુનું મૂડીરોકાણ કરશે. એક નિવેદનમાં

પેપ્સીકો ઈન્ડિયાએ કહ્યુ છેકે કંપની આંધ્રપ્રદેશમાં શ્રીસિટીમાં આ મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ સ્થાપિત કરવા ઈચ્છુક છે. આની પૂર્ણાહૂતિ સાથે પેપ્સીકો ભારતમાં સૌથી મોટા પ્લાન્ટ ધરાવતી કંપની બની જશે. પેપ્સીકો ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. પેપ્સીકો પ્રોજેક્ટમાં ૧૨૦૦ કરોડથી વધુનું રોકાણ કરવા માંગે છે. જ્યારે તેના પાર્ટનર ૨૦૨૦ સુધી ભારતમાં ૩૩૦૦૦ કરોડનું રોકાણ કરશે.

કેબિનેટમાંથી જયંતિ નટરાજનનું રાજીનામુ : કોંગ્રેસની નવી યોજના

નવી દિલ્હી,તા. ૨૧

લોકસભાની ચૂંટણી પહેલા પર્યાવરણ પ્રધાન જયંતિ નટરાજને પ્રધાન મંડળમાંથી રાજીનામુ આપી દીધુ છે. હજુ વધુ કેટલાક પ્રધાનો રાજીનામુ આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પક્ષની કામગીરીમાં ધ્યાન આપવાના હેતુસર કેટલાક પ્રધાનો રાજીનામા આપવાના મુડમાં દેખાઈ રહ્યા છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે ૫૯ વર્ષીય નટરાજનના રાજીનામાનો રાષ્ટ્રપતિ દ્વારા સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. પર્યાવરણ અને વન્યના સ્વતંત્ર હવાલા સાથે રાજ્યપ્રધાન તરીકેની જવાબદારી નટરાજન સંભાળી રહ્યા હતા. યાદીમાં એમ પણ જણાવવામાં આવ્યુ છેકે પેટ્રોલિયમ પ્રધાન વીરપ્પા મોઈલી પર્યાવરણ મંત્રાલયનો વધારાનો હવાલો સંભાળશે. રાજ્યસભાના વરિષ્ઠ સભ્ય નટરાજન ત્રીજી અવધિમાં કામ કરી રહ્યા હતા. તમિળનાડુના શક્તિશાળી નેતા તરીકે નટરાજનને ગણવામાં આવે છે. બે વર્ષ અગાઉ નટરાજનને પ્રધાનમંડળમાં લેવામાં આવ્યા હતા. સૂત્રોએ કહ્યુ હતુ કે નટરાજન છેલ્લા ઘણા સમયથી ટેલિવિઝન ચેનલો પર વધારે નજરે પડી રહ્યા છે અને પક્ષની જુદી જુદી વ્યૂહરચના પર રજુઆત કરી રહ્યા છે. સંસ્થાકીય કામગીરી માટે તેમને હવે મોટી જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે.

સૂત્રોએ કહ્યુ છે કે લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે પક્ષની સંસ્થાકીય કામગીરી માટે વધુ કેટલાક પ્રધાનોને રાજીનામુ આપવા માટે કહેવામાં આવશે. પ્રધાન તરીકે જે લોકો ટૂંક સમયમાં જ રાજીનામુ આપી શકે છે તેમાં ગ્રામીણ વિકાસપ્રધાન જયરામ રમેશ, કોર્પોરેટ બાબતોના પ્રધાન સચિન પાઈલોટ, સંરક્ષણ રાજ્ય પ્રધાન જીતેન્દ્રસિંહનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી. રાહુલગાંધીએ આમાંથી બોધપાઠ લઈને કેટલીક મોટી જવાબદારી નેતાઓને સોંપવાની તૈયારી કરી છે. સંસ્થાકીય માળખામાં પણ ધરખમ ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજસ્થાનમાં સંપૂર્ણ સફાયો થયો બાદ એઆઈસીસી દ્વારા રાજ્ય એકમમાં ફેરફાર કરવાની પણ તૈયારી હાથ ધરાઈ છે. સચિન પાઈલોટને રાજ્યપક્ષ એકમના વડા તરીકે બનાવવામાં આવે તેવી શક્યતા છે. અન્ય નામો પણ ચર્ચામાં ચાલી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી વર્ષની શરૂઆતમાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે. આને લઈને તૈયારીઓ હાથ ધરવામાં આવી ચુકી છે. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં ચાર રાજ્યોમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો છે. રાજસ્થાન, છત્તીસગઢ, દિલ્હી, મધ્યપ્રદેશમાં કોંગ્રેસની કારમી હાર થઈ છે.